જીવનમાં એક દિવસ એવો આવે છે કે જ્યારે કોઇ, કોઇનું રહેતું નથી
- કબીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૩૧ | ૩૦ ઓક્ટોબર, ૨૦૧૨, મંગળવાર; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુજરાતમાં ૪૦ ટકા મતદાન મથકો સંવેદનશીલ

## અમદાવાદ ખાતે મુખ્ય ચૂંટણી કમિશ્નર વી. એસ. સંપટની પત્રકાર પરિષદમાં જાહેરાત : વાસ્તાનવી સામેની ફરિયાદ ફગાવાઈ : કોંગ્રેસના ૨ અગ્રણીઓ અને એક આયોજક સામે કાયદેસર પગલાં ભરાયા : ૧૫ હજારથી વધુ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે નક્કી કરાયેલા ૪૪ હજાર કરતા વધુ મતદાન મથકોમાંથી આશ્ચર્યજનક રીતે ૪૦ ટકા મતદાન મથકો સંવેદનશીલ અને ક્રિટીકલ તરીકે અલગ તારવવામાં આવ્યા છે. અને આ મતદાન મથકોમાં સ્થાનિક મતદારો મુક્ત રીતે મતદાન કરી શકે તેની વિશેષ કાળજી લેવામાં આવશે એમ મુખ્ય ચૂંટણી કમિઁર વી.એસ.સંપટે આજે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ.

સાથે - સાથે ભાજપ દ્વારા મૌલાનાં વાસ્તાનવી સામે આક્ષેપ કરવામાં આવ્યા તેને ચૂંટણીપંચે ક્લિન ચીટ આપી છે. અને મૌલાનાં જે બેઠકમાં હાજર હતા તેમના આયોજકો અને ભડકાઉ ભાષણ કરનારા કોંગ્રેસનાં નેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યુ હતુ.

દેશનાં મુખ્ય ચૂંટણી કમિઁર સહિત સમગ્ર ચૂંટણી પંચ આજે ગુજરાતની મુલાકાતે આવ્યુ હતુ, અને દિવસભર વિવિધ રજૂઆતો સાંભળી હતી. દિલ્હી જતા પૂર્વે અત્રે આયોજીત ભરચક પત્રકાર પરિષદમાં સંપટે ઁ-નાં જવાબમાં એમ કહ્યુ કે વાસ્તાનવી સામેની જે ફરિયાદ પંચને મળી તેની સીડી




સમગ્ર પંચે જોઈ હતી. અને તેના પરથી એવુ તારણ નીકળ્યુ કે મૌલાના વાસ્તાનવી દ્વારા કોઈ ભડકાઉ અથવા આચારસંહિતાનો ભંગ થાય તેવા કોઈ નિવેદન કરાયા નથી. તેથી વાસ્તાનવીને આચારસંહિતાનાં ભંગ માટે લાયક ગણવામા આવ્યા નથી. પરંતુ જે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ, તેમાં કોંગ્રેસનાં ૨ અગ્રણીઓએ ઉશ્કેરણીજનક અને ભડકાઉ નિવેદન કર્યાનું જણાયુ હતુ. જેથી કોંગ્રેસનાં ૨ અગ્રણીઓ અને ૧ આયોજક સહિત કુલ ૩ સામે કાયદેસરનાં પગલા ભરવામાં આવ્યા છે.

ગુજરાતમાં એવા કેટલા મતદાન મથકો છે, કે જ્યા મતદારો ધાક-ધમકી કે મસલ પાવરને કારણે મતદાન કરી શકતા નથી, તેના જવાબમાં તેમણે કહ્યુ કે ગુજરાતમાં ૪૪,૪૬૯ મતદાન મથકો નક્કી કરાયા છે. તેમાંથી ૪૦ ટકા મતદાન મથકો એટલે કે અંદાજે ૧૫ હજાર કરતા વધુ મતદાન મથકો સંવેદનશીલ અને અતિસંવેદનશીલ તરીકે તારવવામાં આવ્યા છે. આ મતદાન મથકોમાં નોંધાયેલા મતદારો ભયમુક્ત થઈને મતદાન કરી શકે તેની પૂરેપૂરી કાળજી રાખવામાં આવશે.


● અનુસંધાન પાન-૭ પર


# નિષ્પક્ષ અને નિર્ભિક ચૂંટણી માટે ચૂંટણીપંચ પ્રતિબદ્ધ

## રાજ્યમાં મતદારોની નોંધણી ૩.૮૦ કરોડ થઈ : વસ્તી ગણતરીને ધ્યાને લેતાં ૬૧.૪૫ ટકા વસ્તી મતદાતા છે : સંપટ

ગાંધીનગર, તા. ૨૯

તંત્રને ભયમુક્ત બની રાજ્યમાં નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવા માટેનો નિર્દેશ આજે મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સંપટે અધિકારીઓને આપ્યો હતો તેમજ ગુજરાતમાં ચૂંટણી યોજવા પૂર્વેની તૈયારીઓ અંગે સંપૂર્ણ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

આજે અમદાવાદની એક દિવસની મુલાકાતે તૈયારીઓની સમીક્ષા માટે આવેલા પંચની સમીક્ષા બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા તૈયારીઓ જે રીતે ચાલી રહી છે તે જોતાં તેઓ સંપૂર્ણ સંતુષ્ટ થયા છે.

રાજ્યની તૈયારીઓમાં અતિ મહત્વનું કહી શકાય તેવી મતદાર યાદીની સતત સુધારણા ઝુંબેશ સફળ રહી હોવાનો દાવો કરતાં તેમણે જણાવ્યું હતું કે હવે ગુજરાતમાં કુલ ૩.૮૦ કરોડ મતદારો થયા છે જેમાં ૧.૯૯ કરોડ પુરૂષ મતદારો અને ૧.૮૧ કરોડ સ્ત્રી મતદારો છે. તેમણે જણાવ્યું હતું કે પાંચ લાખ જેટલા નવા યુવા મતદારોની નોંધણી સાથે ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૧૩.૨૨ લાખ થઈ છે. વસ્તીની દૃષ્ટિએ ૬૧.૪૫ ટકા મતદારો થયા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૨૫ તાલુકા મતદાર સહાય કેન્દ્રો પર આ ઝુંબેશ ચાલી રહી છે અને ઘણા સારા પરિણામો મળ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ સહાયતા કેન્દ્રો પરથી ૧૨ લાખ જેટલા ડુપ્લીકેટ મતદાર ઓળખકાર્ડનું વિતરણ શક્ય બન્યું


● અનુસંધાન પાન-૭ પર


બાબા રામદેવનો ખુલ્લો જંગ. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બાબા રામદેવ પણ આહુતિ આપવા આવી પહોચ્યા છે. કોંગ્રેસની કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના મામલે બાબા રામદેવ આકરા પ્રહારો કરવા ગુજરાતના મહાસંગ્રામમાં ઝુકાવ્યું છે. કાળા નાણાં સામેની તેમની લડત વધુ તીવ્ર બનાવવાની હાંકલ કરતાં કરતાં તેઓ કોંગ્રેસના ભ્રષ્ટાચારી શાસન સામે પણ લાલઘુમ છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના શહેરી - ગ્રામ્ય વિસ્તારોમાં બાબા રામદેવ આગામી ત્રણ દિવસ સભાઓ ગજવશે....



# જિલ્લામાં આચારસંહિતા ભંગની ૨૬ ફરિયાદો

## ગાંધીનગર (ઉત્તર) મતવિસ્તારમાં સૌથી વધુ ૧૩ ફરિયાદો મળી છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં આચાર સંહિતા ભંગની અત્યાર સુધીમાં ૨૬ જેટલી ફરિયાદો જિલ્લા તંત્રને મળી છે જેમાં સૌથી વધુ ફરિયાદો ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારની છે. જિલ્લા તંત્રને મળેલી તમામ ફરિયાદોનું નિવારણ કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા તંત્રને આચારસંહિતા ઘોષિત થયા બાદ સરેરાશ રોજની એક ફરિયાદ મળી છે. જે ફરિયાદો મળી છે તેમાં પોષ્ટર, બેનર તેમજ સામાન્ય પ્રકારની ફરિયાદો વધુ છે.

જે ફરિયાદો મળી છે તેમાં સૌથી વધુ ફરિયાદો ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાંથી મળી છે જે ૧૩ જેટલી છે. અર્થાત્ કુલ ફરિયાદો જે અત્યાર સુધી તંત્રને મળી છે તેની ૫૦ ટકા ફરિયાદો માત્રને માત્ર ગાંધીનગર (ઉ)માં છે.

ગાંધીનગર (દ)માંથી પાંચ, દહેગામમાંથી ૨, માણસામાંથી ૩, કલોલમાંથી બે ફરિયાદો આચારસંહિતા ભંગની મળી છે. એક ફરિયાદ અન્ય જિલ્લાને લગતી મળી છે તે અંગે પડોશી જિલ્લાતંત્રને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વહીવટીતંત્રએ ૩૦૬૯ જેટલા વોલ પેઈન્ટીંગ, પોસ્ટર, બેનર દૂર કર્યા છે. જેમાં સરકારી મિલકતો પર લાગેલા ૨૮૬૮ જેટલા પોષ્ટર, બેનરનો પણ સમાવેશ થાય છે.

જિલ્લામાં આચાર સંહિતાનો અસરકારક અમલ થાય તે માટે હાલ પાંચ ટીમો કાર્યરત છે. આ માટે દરેક તાલુકા કક્ષાએ અલાયદી ટીમો બનાવવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આચારસંહિતા ભંગની મળેલ ફરિયાદોમાં કોંગ્રેસ પક્ષ તરફથી ઘરના ઘરી યોજનાના પાઠવેલા પત્રોનો જથ્થા બાબતે પંચનું માર્ગદર્શન માંગવામાં આવ્યું હોવાથી તે ફરિયાદ હજુ તંત્ર પાસે પેન્ડીંગ છે. જો કે આ અંગે પંચનું માર્ગદર્શન મળે તે પછી જ પોષ્ટ વિભાગને તે વિતરણ અંગેની મંજૂરી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# દેવગઢબારિયાના એન.સી.પી.ના ધારાસભ્ય તુષારસિંહ ભાજપમાં જોડાયા

## ચૈતન્ય શંભુ મહારાજ પણ ભાજપમાં જોડાયા : એન.સી.પી.ના વધુ એક ધારાસભ્ય પણ ટૂંકમાં ભાજપમાં જોડાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૯

કોંગ્રેસ ગોત્રના અને એન.સી.પી.ના ધારાસભ્ય તુષારસિંહે આજે એન.સી.પી.ને અલવિદા કરીને ભાજપમાં જોડાઈ જતા એન.સી.પી.ને ઝટકો લાગવા પામ્યો છે.

વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષો દ્વારા એક બીજા પક્ષોના નારાજ આગેવાનો કાર્યકરોને તોડવાની હોડ શરૂ કરી છે. ભાજપ દ્વારા કોંગ્રેસ અને એન.સી.પી.ના કેટલાક મહત્વના નેતાઓને ભાજપમાં લાવવા માટેની કવાયત હાથ ધરી છે.

દેવગઢ બારીયાના એન.સી.પી.ના વર્તમાન ધારાસભ્ય તુષારસિંહે આજે એન.સી.પી.ને અલવિદા કરીને ભાજપમાં વિધિવત રીતે જોડાઈ ગયા છે. તુષારસિંહે આજે એન.સી.પી. છોડી દેતા કોંગ્રેસ સાથે બેઠકો અંગે સમજુતી કરે તે પહેલા જ એન.સી.પી.ને મોટો ઝટકો મળવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એન.સી.પી.ના ધારાસભ્ય તુષારસિંહ આજે ભાજપમાં જોડાયા બાદ હવે ગોંડલના એન.સી.પી.ના ધારાસભ્ય ચંદુભાઈ વઘાસીયા પણ આગામી ટૂંક સમયમાં એન.સી.પી.ને અલવિદા કરીને ભાજપમાં જોડાય તેવી અટકળો વહેતી થવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી ગોંડલના એન.સી.પી.ના ધારાસભ્ય ચંદુભાઈ વઘાસીયાના ભાજપ આગેવાનોએ સંપર્કો તેજ બનાવી દીધા છે. તુષારસિંહ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલા સંત ચૈતન્ય શંભુમહારાજ પણ આજે ભાજપમાં જોડાય જવા પામ્યા છે.










